ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# આજથી ગાંધીનગરમાં પ્લાસ્ટ ઈન્ડિયાનું આંતરરાષ્ટ્રિય પ્રદર્શન

## ૧૨મી સુધી ચાલનારા પ્રદર્શનમાં ૨ લાખથી વધુ મુલાકાતીઓનો અંદાજ

ગાંધીનગર, તા.૬

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ બુધવાર, ૭મી ફેબ્રુઆરીએ ગાંધીનગર ટાઉનહોલમાં બપોરે ૧૨-૩૦ કલાકે પ્લાસ્ટઈન્ડિયા-૨૦૧૮નું ઉદઘાટન કરશે.

પ્લાસ્ટિક ઉદ્યોગોના આ ૧૦મા આંતરરાષ્ટ્રીય પ્રદર્શન સાથે પ્લાસ્ટિક ઉદ્યોગકારોની કોન્ફરન્સ અને કન્વેન્શન પણ તા. ૧૨ ફેબ્રુઆરી સુધી હેલિપેડ ખાતેના એક્ઝિબિશન સેન્ટરમાં યોજાશે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખુલ્લા મુકાનારા આ પ્લાસ્ટઈન્ડિયા-૨૦૧૮માં દેશભરના ૨,૦૦૦ એક્ઝિબિટર્સ તેમજ વિદેશોના ૫૦ જેટલા ડેલિગેટ્સ-એક્ઝિબિટર્સ ભાગ લેવાના છે.

આ પ્રદર્શનની ૨ લાખ જેટલા પ્લાસ્ટિક ઉદ્યોગ-વ્યવસાયકારો પાંચ દિવસ દરમિયાન મુલાકાત લેશે તેવો અંદાજ છે.

શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આ અવસરે એક્ઝિબિશન ડિરેક્ટરીનું વિમોચન ઉર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ તેમજ મુખ્યસચિવ શ્રી ડૉ. જે. એન. સિંહની ઉપસ્થિતિમાં થવાનું છે.



ઉનાળાના આગમનના એંધાણ - હરિયાળા નગરમાં હરિયાળી જાળવવા નિયમિત પાણી સિંચવાનો ક્રમ ઉનાળાના આગમનને પગલે અગ્રતામાં આવે છે... શહેરના બાગ-બગીચા અને સેન્ટર વીસ્ટામાં ફુલ-છોડને સિંચનની કામગીરી આરંભાય ત્યારે ઉનાળાના આગમનનો અણસાર વર્તાય છે...

# સે-૧ તળાવના તળિયે બ્લેક કોટન સોઈલનુ લેયર કરાશે

ગાંધીનગર તા ૬

શહેરના સે-૧ માં તળાવની રોનક નિખારવાની યોજના વર્ષોના અંતે પણ સાકાર થઈ નથી. કરોડોના ખર્ચના અંતે પણ તળાવમાં પાણી ટકતુ નથી. જયારે આ મામલે તંત્રના અધિકારીઓ પણ માથુ ખંજવાળે છે. ત્યારે હવે તળાવના તળિયાના રીનોવેશન માટે નવી કાર્યયોજના તૈયાર કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આ માટે તળાવના તળિયામાં બ્લેક કોટન સોઈલનુ કોટીંગ કરી સી સી કામ કરવા માટે પણ તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે.

શહેરના સે-૧ માં તળાવ વિકાસની યોજના એક દાયકાથી વધુ સમય પુર્વે હાથ ધરવામાં આવી હતી.વર્ષોના અંતે પણ તળાવ વિકાસની યોજનાનુ કામ પુર્ણ ન થતા

**તળાવના તળિયાનુ સી સી કામ પણ કરવામાં આવશે દરખાસ્તને મંજુરી અપાયા બાદ કામ હાથ ધરાશે**

સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો હતો. જયારે તળાવને પીકનિક સ્પોટ બનાવાના સોહામણા સ્વપ્ન સાથે આ વિસ્તારમાં ફુડકાર્ટ તેમજ સ્લોપીંગ ગાર્ડન સહીતના આકર્ષણો પણ ઉભા કરાયા છે.પરંતુ હજુ સુધી ફુડકોર્ટની દુકાનો ભાડપેટે ફાળવવામાં આવી ન હોવાથી મુલાકાતીઓને જરૂરી ચીજવસ્તુઓ ઉપલબ્ધ થતી નથી. બીજીતરફ સે-૧ ના તળાવમાં પાણી ટકતુ નથી. ચોમાસા દરમિયાન પણ બે ચાર દિવસોમાં જ તળાવમાં સુકારો જોવા મળે છે. આવા સંજોગોમાં તળાવમાં પાણી ભરાયેલુ રહે તે માટે તંત્ર દ્વારા પણ અન્ય

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદી વાયરાથી લગ્નના માંડવે ચિંતાના વાદળો ઘેરાયા

**ખેડુતો પણ વ્યાકુળ : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૮ ડી ગ્રી નો તફાવત : સતત બીજા દિવસે વરસાદી છાંટણા પડયા : આકાશી નઝારો બદલાયો : સુસ્તી અને બેચેની અનુભવતા નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર**

ગાંધીનગર તા ૬

શેહરમાં છેલ્લા બે દિવસથી મોસમનો મિજાજ બદલાતા આકાશમાં વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે વરસાદી વાયરો અનુભવાય છે. ગઈકાલે પણ વરસાદી છાંટણાના લીધે લગ્ન મહોત્સવના આયોજકો ચિંતામાં મુકાયા હતા. જયારે બે દિવસ લગ્ન માટેના મુહુર્ત પણ ઉત્તમ હોવાથી શહેરમાં લગ્નસરાની મોસમ પણ નિખરી છે. ત્યારે આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળોના લીધે વાતાવરણ વધુ બોઝીલ બન્યુ છે. વાતાવરણ પલ્ટાના લીધે ખેડુતો પણ ચિંતામાં છે. આજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા.બીજીતરફ લઘુત્તમ તાપમાન ૧૮ ડી ગ્રી એ પહોંચી જતા ઠંડી અદ્રશ્ય રહી હતી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં માત્ર ૮ ડી ગ્રી નો તફાવત જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ સુસ્તી અનુભવી હતી.

શિયાળાની મોસમ વિદાય લઈ રહી છે. ત્યારે મોસમમાં વિચિત્ર બદલાવથી જવજીવન પ્રભાવિત થયુ છે. વળતા શિયાળે ઠંડી અદ્રશ્ય થઈ છે. ત્યારે ઠંડીના પારાની ગિરાવટ વચ્ચે મોસમનો મિજાજ બદલાયો છે .રોજબરોજ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળી રહયા છે. ગઈકાલની જેમ આજે પણ આકાશી નજારો બદલાયેલો રહયો હતો. સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદ વરસે તેવી વકી હતી. જેના લીધે લગ્ન મહોત્સવની નિખરતી સિઝન વચ્ચે લગ્ન મહોત્સવના આયોજકો સતત ચિંતામાં રહયા હતા. જયારે કમોસમી વરસાદના લીધે ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. વરસાદી વાયરના લીધે આજે પણ નગરજનોએ સુસ્તી અને બેચેની અનુભવી હતી. વરસાદી વાદળો વચ્ચે લઘુત્તમ તાપમાન બે ડી ગ્રી ઉંચુ આવ્યુ હતુ. અલબત્ત લઘુત્તમ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં બે ડી ગ્રી ઉંચુ આવી ૧૭૮ ડી ગ્રી એ પહોંચી ગયુ હતુ. જયારે મહત્તમ તાપમાનમાં પણ બે ડી ગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. મોસમના વિચિત્ર મિજાજના લીધે નગરના જનજીવન પર વિપિત્ર અસર જોવા મળી હતી. નગરજનો કમોસમી વરસાદી વાયરાના લીધે અકળામણ અનુભવી રહયા છે. જયારે ખેડુતો પણ ચિંતામાં ઘેરાયા છે. જયારે મોસમના બદલાતા મિજજ સાથે નગરજનોની આરોગ્ય સુખાકારીને પણ વિપિત્ર અસર થઈ છે. બેવડી ઋતુની અસરથી નાગરિકો પરેશાન છે.

# સે. ૩૦ નજીક નદીમાં રીક્ષા રગડી

**રીક્ષા ડ્રાઈવરે કાબુ ગુમાવતા રીક્ષા નદીમાં રગડી પડી : બોરીજની છ મહિલા મુસાફરો ઘાયલ : એક મહિલા ગંભીર : સદ્‌ભાગ્યે કોઈ જાનહાની નહી**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ સર્કલથી ચિલોડા જતા રોડ પર સાબરમતી નદીના પુલ નજીક ઢોળાવ પાસેથી આજે બપોરના અરસામાં છ મહિલા મુસાફરો સાથે એક રીક્ષા નદીમાં રગડી પડતા ચકચાર મચી જવા પામી હતી. સદ્‌ભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી નથી. બોરીજ ગામની છ મહિલાઓ અને એક ડ્રાઈવર મળીને સાત ઈજાગ્રસ્તો પૈકી એક મહિલા ગંભીર હોવાનુ જાણવા મળ્યુ છે. જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ ઘટના સંદર્ભે કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.





મળતી માહિતી મુજબ બોરીજ ગામમાં રહેતી છ મહિલાઓએ રોજ બપોરે લાકડા વિણવા માટે એક રીક્ષા બાંધેલી છે. બોરીજથી આ રીક્ષાચાલક છ મહિલાઓને લઈ જાય અને લાકડા વિણ્યા બાદ ઘરે મુકી જાય. નિત્યક્રમ મુજબ આજે પણ જીજે.૧૮.એયુ.૮૩૮૨ નંબરની રીક્ષા લઈને ડ્રાઈવર છ મહિલાઓને બોરીજથી બેસાડીને લઈ ગયો હતો. સે. ૩૦ નજીક સાબરમતી નદીના પુલ પાસેથી સ્મશાન તરફ જતા વળાંક પાસે અચાનક રીક્ષા ડ્રાઈવરે કાબુ ગુમાવી દેતા આખી રીક્ષા ઢોળાવમાં નદી તરફ રગડીને નદીમાં ખાબકી ગઈ હતી. જો કે વહેતા પાણી સુધી રીક્ષા પહોંચે તે પહેલા અટકી ગઈ હતી. આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયેલા સાતેય ઈજાગ્રસ્તો પૈકી એક ૪૫ વર્ષિય મહિલા સજનબેન ઠાકોરને દાખલ કરવામાં આવ્યા છે. અન્ય છ ઈજાગ્રસ્તો ઓપીડી સારવાર લઈને ઘરે જતા રહ્યા હતા. આ ઘટના અંગે પોલીસ ફરીયાદ કરવા કોઈએ તૈયારી બતાવી ન હોવાથી ફરીયાદ નોંધાવા પામી ન હોવાનું જાણવા મળ્યુ છે.

# શહેરી વિસ્તારના ગામોમાં ૫.૪૭ કરોડ ખર્ચે પાણીની ટાંકી-સંપ

ગાંધીનગર તા ૬


ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં પાણીની ટાંકી તેમજ સંપ બનાવવા માટે રૂ ૫.૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત આ પાંચ પાલજ , બોરીજ ઈન્દ્રોડા, ધોળાકુવા અને બાસણમાં નવી ટાંકી અને સંપનુ નિર્માણ કરાશે. આ પાંચેય ગામોમાં હાલ પાણીની ટાંકી છે. પરંતુ માત્ર

**હાલ માત્ર એક લાખ લીટરની પાણીની ટાંકી હોવાથી સ્ટોરેજ ક્ષમતા પર્યાપ્ત નથી : વસતી અને પાણીની જરૂરિયાતને ધ્યાને લઇ ૩.૬૮ થી ૮.૩૪ લાખ લીટરની ક્ષમતા ધરવતી ટાંકી બનાવાશે**

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે અગાઉ નવા બોર બનાવાયા હતા. જયારે પાઈપલાઈનનુ કામ પણ ટુંકમાં હાથ ધરાશે. જયારે હાલ ગામોમાં માત્ર એક લાખ લીટરની સ્ટોરેજ ક્ષમતા ધરાવતી ટાંકી છે. જયારે નવા આયોજન મુજબ ગામની વસતી અને પાણીની જરૂરિયાતને ધ્યાને લઈ ૩ .૫૦ થી ૮ .૩૪ લાખ લીટરની ટાંકી બનાવાશે.

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા તંત્ર દ્વારા નવતર આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગામોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી રહી છે. અગાઉ દરેક ગામોમાં પાણીના નવા બોર બનાવાયા હતા. જયારે આ કામગીરી પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પાણીના બોર શરૂ કરી દેવાયા છે. જયારે હવે પાણીના બોર બાદ પાઈપલાઈનનુ કામ હાથ ધરાશે. પાઈપલાઈન અપગ્રેડ કરવા માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે.

એક લાખ લીટરની ક્ષમતા ધરાવતી આ ટાંકીના લીધે પાણી પુરતા પ્રમાણમાં સ્ટોર થઈ શકતુ નથી. જયારે આગામી દિવસોમાં નવી ટાંકી બનાવાશે. જેમાં પાલજમાં ૩,૬૮ લાખ લીટરની પાણીની ટાંકી અને ૧૬.૬૮ લાખ લીટરનો સંપ બનાવાશે. જયારે બોરીજમાં ૮.૩૪ લાખ લીટરની ટાંકી તેમજ બાસણમાં ૫.૫૮ લાખ લીટરની ટાંકી બનાવાશે. આ ઉપરાંત ઈન્દ્રોડામાં ૫.૩૧ લાખ લીટર અને ધોળાકુવામાં ૬.૯૫ લાખ લીટરની પાણીની ટાંકી બનાવાશે. પાણીની ટાંકી સાથે નવો સંપ પણ બનાવાશે. પાણીની ટાંકી અને સંપનુ કામ પુર્ણ કરાયા બાદ શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા હલ થઈ જશે તેમ પણ મનાઈ રહયુ છે. પાણીની નવી ટાંકી તેમજ સંપ બનવવા માટે રૂ ૫.૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ અન્વયે ટેન્ડર પ્રકીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.



## બેસણું

અમારા પૂજય પિતાશ્રી **હિંમતલાલ નરસિંહલાલ ત્રિવેદી**નો સ્વર્ગવાસ તા. ૫/૨/૨૦૧૮ના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૮/૨/૨૦૧૮, ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ વાડી, સેક્ટર-૭, ઘ-રોડ, ગાંધીનગર**

**લિ.**

**સ્વ. સુભાષચંદ્ર ત્રિવેદી**

**હરીશ ત્રિવેદી** (ટેક્સ એડવોકેટ) — **જ્યોત્સનાબેન ત્રિવેદી**
**મીના ત્રિવેદી** — **નિકુંજ ત્રિવેદી**
**અમી ત્રિવેદી** — **કામિની ત્રિવેદી**
**કથન ત્રિવેદી** — **પ્રિશા ત્રિવેદી**

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

**સ્વ. વિષ્ણુપ્રસાદ માણેકલાલ ત્રિવેદી**
**સ્વ. રમણલાલ માણેકલાલ ત્રિવેદી**

# ગાંધીનગર તાલુકા પંચાયત માટે વધુ પાંચ ઉમેદવારીપત્રો ભરાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તાલુકા પંચાયત માટે આજે વધુ પાંચ ઉમેદવારી પત્ર ભરાયા છે. આજે ભરાયેલા પાંચ ફોર્મ સાથે તાલુકા પંચાયતમાં અત્યાર સુધીમાં છ ઉમેદવારી પત્રો ભરાયા છે.

આજે ઉવારસદ, ભાટ, આદરજ મોટી તેમજ ચિલોડા (ડ) બેઠક માટે ઉમેદવારી પત્રો ભરાયા છે. આજે ભાજપ તરફથી બે ઉમેદવારી પત્રો ભરાયા છે. જ્યારે કોંગ્રેસ પક્ષ તરફથી ત્રણ ઉમેદવારી પત્રો ભરાયા છે. ગઈકાલે ભાજપ તરફથી સરઢવ બેઠક પર ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યું હતું જે નોંધનીય છે.

આજે ઉમેદવારી પત્ર ભરનારા એક પણ ઉમેદવાર દ્વારા પક્ષનો મેન્ડેટ રજૂ કરવામાં આવ્યો નથી જે પણ નોંધનીય છે.

ઉવારસદ બેઠક પરથી ઠાકોર મહોતજી બબાજીએ કોંગ્રેસના ઉમેદવાર તરીકે જ્યારે તેમના ડમી ઉમેદવાર તરીકે ઠાકોર કનુજી બચુજીએ ઉમેદવારી નોંધાવી છે. આદરજ મોટી બેઠક માટે ભરતજી રામસંગજી ઠાકોરે



**ભાજપ તરફથી બે અને કોંગ્રેસના ૩ ઉમેદવારી પત્રો રજૂ થયા : ભાટ, ઉવારસદ અને ચિલોડા (ડ) બેઠક પર ફોર્મ ભરાયા**

ભાજપમાંથી ઉમેદવારી નોંધાવી છે. તો કોંગ્રેસના પ્રકાશ કાલીદાસ વાણિયાએ ભાટ બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. ચિલોડા (ડ) બેઠક પરથી ભાજપના અંજનાબેન વિષ્ણુભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી છે.

દરમિયાન કોંગ્રેસ પક્ષ દ્વારા પણ ઉમેદવારોની પંસદગી પૂર્ણ થઈ ગી છે અને ૭મીએ તેના સત્તાવાર

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com